For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

નેધરલેન્ડના માસ્ટર પ્લાનમાં HCP અમદાવાદે સુધારા કર્યા બાદ રિવાઈઝ્ડ માસ્ટર પ્લાનને મંજૂરી

# ડ્રીમ સિટી: અર્બન ડિઝાઈન, ગ્રીન સ્પેસ, મિક્સ યુઝ ડેવલપમેન્ટ થશે







**ગિફ્ટ** સિટી અને સાબરમતી રિવરફ્રન્ટના સફળ મોડલને આધારે ખાસ DCR તૈયાર

**561.98** હેક્ટરમાંથી 52 ટકા જમીન રસ્તા, ગ્રીન સ્પેસ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે વપરાશે

સુરતઃ સુરતના આર્થિક અને કોમર્શિયલ વિકાસને નવી ઊંચાઈએ લઈ જવાની ક્ષમતા ધરાવતા મહત્વાકાંક્ષી ડ્રીમ સિટી પ્રોજેક્ટના રિવાઇઝ્ડ માસ્ટર પ્લાનને ડ્રીમ સિટી બોર્ડે મંજૂરી આપી દીધી છે. આ સાથે પ્રોજેક્ટના આયોજનબદ્ધ વિકાસ માટે વિશેષ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન (DCR) અને લેન્ડ ડિસ્પોઝલ પોલિસીને પણ મંજૂરી આપવામાં આવી છે. નવા માસ્ટર પ્લાનમાં જમીનના ઉપયોગ અંગેના પરંપરાગત ઝોનિંગના અભિગમને બદલે મિક્સ્ડ યુઝ ડેવલપમેન્ટને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આથી ડેવલપરોને ઈન્ડસ્ટ્રીયલ

...અનુસંધાન પાના 5 પર




## 52 ટકા જમીન માળખાકીય સુવિધાઓ માટે અનામત રહેશે

ડ્રીમ સિટી પાસે ઉપલબ્ધ 561.98 હેક્ટર જમીનમાંથી 20 ટકાથી વધુ વિસ્તાર રસ્તા અને માર્ગવ્યવસ્થા માટે ઉપયોગમાં લેવાશે. જ્યારે ગ્રીન સ્પેસ, સામાજિક સુવિધાઓ અને અન્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે અંદાજે 20થી 22 ટકા જમીનનો ઉપયોગ થશે. આમ, કુલ જમીનના આશરે 52 ટકા વિસ્તારમાં રસ્તા, હરિયાળી અને વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવશે. બાકીની આશરે 48 ટકા જમીન લેન્ડ ડિસ્પોઝલ પોલિસી હેઠળ વિકાસ હકોની ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે. સામાન્ય ટાઉન પ્લાનિંગ સ્કીમમાં રસ્તા અને અન્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે આશરે 40 ટકા જમીન ઉપલબ્ધ થતી હોય છે. તેની સરખામણીએ ડ્રીમ સિટીના આયોજનમાં 52 ટકા જેટલી જમીન જાહેર સુવિધાઓ અને માળખાકીય ...અનુસંધાન પાના 5 પર

## ચાર વેલ્યુ ઝોનમાં જમીનના વિકાસ હકોના ભાવ નક્કી થશે : હવે ખુડાનો ડી.પી. તૈયાર થશે

મંજૂર થયેલી લેન્ડ ડિસ્પોઝલ પોલિસી હેઠળ સમગ્ર માસ્ટર પ્લાનને વિકાસની ક્ષમતાના આધારે ચાર વેલ્યુ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યો છે. દરેક ઝોનમાં પ્રતિ ચોરસ મીટર વિકાસ હકોના ભાવ નક્કી કરવામાં આવશે. આ વ્યવસ્થાથી જમીનના સ્થાન અને વિકાસની સંભાવનાને આધારે ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ નવી નીતિના ભાગરૂપે ડ્રીમ સિટી બોર્ડ દ્વારા સુરત ડાયમંડ બુર્સ નજીક આવેલા બે પ્લોટ મિક્સ્ડ યુઝ ડેવલપમેન્ટ માટે ફાળવવા રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ (RFP) પ્રસિદ્ધ કરવામાં આવી છે. હવે રોકાણકારો પાસેથી મળનારા પ્રસ્તાવો અને ફાળવણીની પ્રક્રિયા પર સૌની નજર રહેશે. ડ્રીમ સીટીનો માસ્ટર પ્લાન મંજુર થતા હવે ખુડાનો અટવાયોલો ડેવલોપમેન્ટ પ્લાન પણ બનાવવાનો રસ્તો ખુલ્યો છે.







### ડ્રીમ સિટીના નવા માસ્ટર પ્લાનની 3 મોટી વિશેષતા

- મિક્સ્ડ યુઝ ડેવલપમેન્ટ: જમીનને ચોક્કસ હેતુના ઝોનમાં મર્યાદિત રાખવાને બદલે ઇન્ડસ્ટ્રીયલ સિવાયના વિવિધ હેતુઓ માટે વિકાસની તક.
- લઘુતમ 2500 ચો.મી.નો પ્લોટ: નાના પ્લોટ માટે પણ વિકાસ હકો ફાળવવાની જોગવાઈ, જેથી વધુ રોકાણકારો ભાગ લઈ શકે.
- ચાર વેલ્યુ ઝોન:વિકાસની ક્ષમતાના આધારે ચાર ઝોન નક્કી કરી પ્રતિ ચોરસ મીટર વિકાસ હકોના ભાવ નિર્ધારિત કરાશે.
- 28 ઓક્ટોબર: પ્રી-બિડ મીટિંગ
- 17 નવેમ્બર: RFP મોકલવાની અંતિમ તારીખ
- પેમેન્ટ: બે વર્ષમાં ચાર હપ્તામાં ચુકવણી
- બાંધકામની સમયમર્યાદા: ચાર વર્ષમાં કામ પૂર્ણ કરવાનું રહેશે
- વહેલું બાંધકામ પૂર્ણ થાય તો: BU પરમિશન પહેલાં બાકી રહેલી તમામ રકમ ભરવાની રહેશે

### ડાયમંડ બુર્સ નજીકના બે પ્લોટ માટે RFP

ડ્રીમ સિટી બોર્ડે સુરત ડાયમંડ બુર્સ નજીકના બે પ્લોટ મિક્સ્ડ યુઝ ડેવલપમેન્ટ માટે ફાળવવા RFP પ્રસિદ્ધ કરી છે. નવી લેન્ડ ડિસ્પોઝલ પોલિસી હેઠળ રોકાણકારોને વિકાસની તક મળશે. પ્લોટની ફાળવણી અને વિકાસની શરતો અંગે અંતિમ વિગતો સત્તાવાર RFP દસ્તાવેજ મુજબ નક્કી થશે.



(તસવીર : સતીષ જાદવ)

# ઉધનાની ક્રિષ્ના મિલમાં ધડાકા સાથે બોઈલર ફાટતા આગ, ચાર દાઝયા

**બોઈલરમાં થયેલા** બ્લાસ્ટને પગલે કામદારોમાં ભારે દોડાદોડી થઈ

**ચાર** શ્રમિકો આગની જ્વાળામાં આવી ગયા, ચારેયની હાલત ગંભીર

સુરતઃ શહેરના ઉધના વિસ્તારમાં આવેલા રોડ નંબર-2 પર સ્થિત 'ક્રિષ્ના સિલ્ક મિલ' ખાતે મંગળવારે રોજિંદા ઉત્પાદન કાર્ય દરમિયાન એક ગંભીર અને ભયાનક અકસ્માત સર્જાયો હતો. મિલ પરિસરમાં અચાનક જ બોઇલરમાં જોરદાર વિસ્ફોટ થતાં ક્ષણવારમાં આગની જ્વાળાઓ ફાટી નીકળી હતી. આ આકસ્મિક દુર્ઘટનાના લીધે મિલમાં ફરજ બજાવી રહેલા કામદારોમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી જવા પામી હતી. વિસ્ફોટ એટલો સખત હતો કે તેનો પ્રચંડ ...અનુસંધાન પાના 5 પર

### કોણ કોણ દાઝી ગયા?

- વિકાસ કદમ (ઉવ. 34)
- સૂરજ નિષાદ (ઉવ.24)
- દીપક પાટીલ (ઉવ. 36)
- કરણસિંહ વાલસિંઘ (ઉવ.34)



### હાલમાં ચારેયની તબિયત નાજૂક

અકસ્માતમાં ઇજાગ્રસ્ત થયેલા ચારેય કામદારોને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ઇમરજન્સી વિભાગમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ફરજ પરના ડોક્ટરે જણાવ્યું હતું કે, તમામ કામદારો 50 ટકાથી વધુ દાઝેલા હોવાનું પ્રાથમિક લાગી રહ્યું છે. જેથી હાલમાં ચારેયની તબિયત નાજુક કહી શકાય એમ છે. વધુ સારવાર માટે તેમને વોડમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### બોઈલર ફાટીને આગની ઘટનામાં સેફ્ટી વિભાગ અને GPCBની તપાસ શરૂ

સુરતઃ સુરતના ઉધના વિસ્તારમાં આવેલી ક્રિષ્ના સિલ્ક મિલમાં બોઈલર ફાટવાની ગંભીર ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં ચાર શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હતા. ઘટનાને પગલે ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગ અને જીપીસીબી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, બોઈલર ફાટવાની ઘટનાની જાણ થતાં જ વિભાગ દ્વારા તાત્કાલિક ટીમને સ્થળ પર મોકલી આપવામાં આવી હતી. હાલ બોઈલર ફાટવાની ઘટનાને લઈને તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસ દરમિયાન દુર્ઘટના પાછળનું ચોક્કસ કારણ, બોઈલરની સ્થિતિ અને સલામતીનાં નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં, તે સહિતનાં પાસાં મહત્ત્વનાં રહેશે. બીજી તરફ, ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રદૂષણ ...અનુસંધાન પાના 5 પર

# ઓક્ટો.માં 38.1 ડિગ્રી સાથે નવરાત્રિમાં ગરમીનો 'ગરબો', બે વર્ષનો રેકોર્ડ બ્રેક

**આઠ** વર્ષમાં બીજી વખત તાપમાન 38 ડિગ્રીને પાર, એક જ દિવસમાં દોઢ ડિગ્રીનો ઉછાળો

સુરતઃ ઓક્ટોબર મહિનામાં ગરમીએ ફરી ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. આજે મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી વધીને 38.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ સાથે છેલ્લા બે વર્ષ એટલે કે 2024 અને 2025ના ઓક્ટોબર મહિનાના મહત્તમ તાપમાનનો આંકડો તૂટ્યો છે. છેલ્લા આઠ વર્ષના તાપમાનના આંકડા જોતા બીજી વખત ઓક્ટોબરમાં પારો 38 ડિગ્રીને પાર પહોંચ્યો છે. જોકે, આઠ વર્ષનો સૌથી વધુ ગરમીનો રેકોર્ડ હજુ વર્ષ 2023ના નામે છે, જ્યારે મહત્તમ તાપમાન 38.8 ડિગ્રી નોંધાયું હતું.

દિવસના તાપમાનમાં અચાનક આવેલા ઉછાળાની સાથે લઘુત્તમ તાપમાન પણ અડધો ડિગ્રી વધીને 23.8 ડિગ્રી નોંધાયું હતું. એટલે કે દિવસની સાથે રાત્રિના તાપમાનમાં પણ વધારો થયો છે. ઓક્ટોબરમાં સામાન્ય રીતે ગરમીની તીવ્રતા ઘટવાની અપેક્ષા વચ્ચે તાપમાનનો પારો ફરી ઊંચકાતાં લોકોને ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા આઠ વર્ષના આંકડા મુજબ, વર્ષ 2023માં ઓક્ટોબર મહિનાનું મહત્તમ તાપમાન 38.8 ...અનુસંધાન પાના 5 પર

### છેલ્લા 8 વર્ષના ઓક્ટોબરના મહત્તમ તાપમાન

| વર્ષ | તાપમાન |
|---|---|
| 2026 | 38.1°C |
| 2025 | 37.0°C |
| 2024 | 37.4°C |
| 2023 | 38.8°C |
| 2022 | 35.4°C |
| 2021 | 35.8°C |
| 2020 | 36.4°C |
| 2019 | 36.7°C |

### રાજ્યમાં તાપમાન 41 ડિગ્રી પહોંચી શકે

અમદાવાદ: નવરાત્રિના માહોલમાં રાજ્યભરમાં ઉનાળા જેવી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. રાજકોટમાં મહત્તમ તાપમાન 39.8 ડિ.સે. નોંધાયું હતું, જે રાજ્યના આપેલા આંકડા મુજબ સૌથી વધુ રહ્યું હતું. હવામાનની આગાહી પ્રમાણે 13થી 19 ઓક્ટોબર દરમિયાન સૌરાષ્ટ્ર, ગુજરાત અને કચ્છમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહેવાની શક્યતા છે. ખાસ કરીને 14 અને 15 ઓક્ટોબરે તાપમાન 38થી 41 ડિ.સે.ની વચ્ચે પહોંચી શકે છે. મળેલા હવામાન આંકડા પ્રમાણે રાજકોટ ઉપરાંત ડીસામાં 38.8, ભુજમાં 38.2, સુરેન્દ્રનગરમાં 37.8, અમરેલીમાં 37.7 અને કેશોદમાં 37.5 ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું. કંડલા હવાઈમથકે 37.5, અમદાવાદમાં 36.8, ...અનુસંધાન પાના 5 પર

# સુરતના 8 સ્ક્રેપ ડીલર્સની 20 કરોડથી વધુની કરચોરી પકડાઈ

**સીસીટીવી** ફૂટેજ અને ડિજિટલ પુરાવા કબજે

**ડીલરોએ** ખાલી ટ્રકો દોડાવી કાગળ પર માલની હેરફેર બતાવી કરોડોનું ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડ આચર્યાની આશંકા

સુરતઃ એસજીએસટી વિભાગ દ્વારા સુરતના 8 સહિત રાજ્યના 20થી વધુ સ્ક્રેપ ડીલર્સ પર દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્રણ દિવસની સ્થળ તપાસ પૂર્ણ કરી વિભાગે 20 કરોડથી વધુની કરચોરી પકડી છે. હાલ વિભાગે સીસીટીવી ફૂટેજ, ડીજીટલ પુરાવા કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગયા શુક્રવારે રાજ્ય એસજીએસટી વિભાગના ઉચ્ચ અધિકારીઓની સૂચનાથી સુરત સહિત રાજ્યમાં અમદાવાદ, રાજકોટ ...અનુસંધાન પાના 5 પર

### સ્ક્રેપ ડીલરોને સમન્સ ફટકાર્યા

અધિકારી સૂત્રોએ કહ્યું કે, હાલ સ્ક્રેપ ડીલરોને સમન્સ આપી નિવેદન નોંધાવવા કહ્યું છે. સંતોષકારક જવાબો નહીં મળે તો સ્ક્રેપ ડીલરો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરાશે. હાલ ધરપકડ ન કરવા અંગે ઉચ્ચસ્તરેથી કોઈ નોટિફિકેશન મળ્યું ન હોય ધરપકડ જેવા કડક પગલાં પણ લેવામાં આવી શકે છે.

### ખાલી ટ્રકો દોડાવાતી હોવાનું ખૂલ્યું

તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. વલથાણ ચોકડીનો સ્ક્રેપ ડીલર ખાલી ટ્રકો દોડાવી માત્ર કાગળ પર માલની હેરફેર બતાવી સરકાર તિજોરીમાંથી કરોડો રૂપિયાની ઈનપુટ ટેક્સ ક્રેડિટ ઉસેટી લેવાનું કૌભાંડ આચરતો હતો. ગોડાઉન પર ખાલી ટ્રકો ફરતી હોવાના સીસીટીવી ફૂટેજ વિભાગે કબજે લીધા છે. વલથાણ ચોકડીના સ્ક્રેપ ડીલરની જ 10 કરોડથી વધુની કરચોરી હોવાની આશંકા છે.

### અધિકારીઓએ માર માર્યાનો એક સ્ક્રેપ ડીલરનો આક્ષેપ

દરમિયાન વલથાણ ચોકડીના એક સ્ક્રેપ ડીલરે કામરેજ પોલીસમાં અરજી કરવા સાથે એવો આક્ષેપ કર્યો છે કે તપાસ દરમિયાન અધિકારીઓએ તેને માર માર્યો હતો. આ મામલે વિભાગીય સૂત્રોએ કહ્યું કે, કરચોરી પકડાઈ જતાં ખોટા આક્ષેપો ડીલર કરી રહ્યો છે. તપાસ યોગ્ય રીતે કરવામાં આવી હોવાના સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવા વિભાગ પાસે છે. યોગ્ય જવાબ આપવામાં આવશે.

# સરસાણા 'ઓજી નવરાત્રિ'માં લઘુમતી સમાજના બાઉન્સરો મુદ્દે બજરંગ દળનો હોબાળો

**વિડીયો** વાયરલ થતાં અલથાણ પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો, સુરક્ષા એજન્સી બદલવાની કડક માંગ કરી

સુરતઃ સરસાણા વિસ્તારમાં આવેલા એસી ડોમ ખાતે આયોજિત 'ઓજી નવરાત્રિ' ગરબા મહોત્સવમાં મોડી રાત્રે વિવાદ સર્જાયો હતો. ગરબા મહોત્સવના પંડાલમાં સુરક્ષા વ્યવસ્થા માટે તહેનાત કરાયેલા બાઉન્સરો પૈકી લઘુમતી સમાજના બાઉન્સરો હોવાની જાણ થતાં જ બજરંગ દળના કાર્યકરો સ્થળ પર પહોંચ્યા હતા અને ભારે હોબાળો મચાવ્યો હતો. સ્થિતિ વધુ વણસે તે પહેલાં અલથાણ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો અને મામલો થાળે પાડવાના પ્રયાસ હાથ ધર્યા હતા.

સરસાણાના એસી ડોમમાં ચાલી રહેલી ઓજી નવરાત્રિમાં સિક્યુરિટી એજન્સી દ્વારા સુરક્ષાનું કામ સંભાળવામાં આવી રહ્યું છે. દરમિયાન, સિક્યુરિટી ગાર્ડ્સ તરીકે ફરજ બજાવતા મહિલા બાઉન્સર સહિત ૫થી ૬ જેટલા લઘુમતી સમાજના બાઉન્સરોએ નવરાત્રિ પંડાલમાંથી પોતાનો વિડીયો બનાવીને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ કર્યો હતો. આ વિડીયો બજરંગ દળના સ્થાનિક કાર્યકરોના ધ્યાને આવતાં જ વિરોધનો સૂર ઊઠ્યો હતો. ઘટના અંગે માહિતી મળતાં જ બજરંગ દળના જિલ્લા અને સ્થાનિક હોદ્દેદારો મોટી સંખ્યામાં સરસાણા ડોમ ખાતે એકઠા થઈ ગયા હતા.

તેમણે વિરોધ નોંધાવી સિક્યુરિટીમાં રહેલા અન્ય ધર્મના બાઉન્સરોને પકડીને અલથાણ પોલીસને સોંપી દીધા હતા.આ સમગ્ર મામલે બજરંગ દળના સહસંયોજક અભિષેક રાજપૂતે જણાવ્યું હતું કે, હિન્દુ આસ્થાના પવિત્ર નવરાત્રિ પર્વમાં અન્ય ધર્મના બાઉન્સરો રાખતી સિક્યુરિટી એજન્સી સામે સંગઠનનો સખત વિરોધ છે. આ અંગે અલથાણ પોલીસ દ્વારા બજરંગ દળના આગેવાનો અને આયોજકો ...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દુઃખદ અવસાન – બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા જમાઈ /બનેવી સ્વ. ઉમેશભાઈ જીવણભાઈ પટેલ નું તા. ૧૧/૧૦/૨૦૨૬ ને રવિવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ભગવાન તેમની આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

સદ્ગતનું બેસણું તા. ૧૫/૧૦/૨૦૨૬, ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક દરમિયાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

બેસણાનું સ્થળ : ગામ-દીપલી, સ્કૂલ ફળિયુ, પો. ભેસ્તાન, જી. સુરત.

શોકાતુર પરિવાર
જીતેન્દ્રભાઈ ગાંડાભાઈ પટેલ | ચંદ્રિકાબેન જીતેન્દ્રભાઈ પટેલ
ધવલભાઈ જીતેન્દ્રભાઈ પટેલ | વૈજયંતિબેન ધવલભાઈ પટેલ
ડોલ્સી ધવલભાઈ પટેલ

સ્વ. ઉમેશભાઈ જીવણભાઈ પટેલ
સ્વ. તા. ૧૧/૧૦/૨૦૨૬

દુઃખદ અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિ/પિતાશ્રી હર્ષદરાય ઘેલાભાઈ મૈસુરીયા તા.૦૮-૧૦-૨૦૨૬ને ગુરૂવારના રોજ દેવલોક થયા છે. પ્રભુ સદ્ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્ગતનું સંયુક્ત પ્રાર્થનાસભા તા.૧૪-૧૦-૨૦૨૬ને બુધવારના રોજ બપોરે ૨ થી ૪ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)

નિવાસ સ્થાન : ૨, જેકીશન નગર, સુરત ડિસ્ટ્રીક બેંકની પાછળ, મુદીત પેલેસની સામે, સ્ટેશન રોડ, તા.બારડોલી.

લિ.
ગં.સ્વ.મંજુલાબેન હર્ષદરાય મૈસુરીયા
હેમંતભાઈ એચ.મૈસુરીયા
ગં.સ્વ.સોનલબેન એમ. મૈસુરીયા
સૂર્વણા રણજીતલાલ મૈસુરીયા
રણજીતલાલ બી. મૈસુરીયા
નગીનભાઈ એમ. મૈસુરીયા
ઈશ્વરભાઈ એમ મૈસુરીયા
પૂરવ મનોજ મૈસુરીયા

સ્વ.હર્ષદરાય ઘેલાભાઈ મૈસુરીયા
જન્મ તા.૨૫-૦૬-૧૯૪૧
સ્વ.તા.૦૮-૧૦-૨૦૨૬

ચોથી વાર્ષિક પુણ્યતિથિએ વંદન



સ્વ.કાન્તાબેન બાબુભાઈ રાયકા
સ્વ.તા. ૧૪.૧૦.૨૦૨૨

જીંદગી મળવી એ નસીબ છે, મૃત્યુએ જીવનનું સત્ય છે,
મૃત્યુ પછી સૌના જીવનમાં જીવતા રહેવું એ જીંદગીમાં કરેલા કર્મનું પરિણામ છે,
મરણ કરતાં સ્મરણ બળવાન છે, અમારા માટે આપનું સ્મરણ એક વરદાન છે,
આપના આર્શીવાદ અમારા પર સદાયે વરસતા રહે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.

લિ.
બાબુભાઈ કરસનભાઈ રાયકા (એડવોકેટ એન્ડ નોટરી)
(પૂર્વ પ્રમુખ, સુરત શહેર કોંગ્રેસ, પૂર્વ નેતા વિપક્ષ સુરત મનપા)
ઋષિન બાબુભાઈ રાયકા (પુત્ર-એડવોકેટ) | અદિતિ ઋષિન રાયકા (પુત્રવધુ-એડવોકેટ)
અમિષા શૈલેષકુમાર દેસાઈ (પુત્રી) | શૈલેષ અમરતભાઈ દેસાઈ (જમાઈ)
તેજલ અતિનકુમાર દેસાઈ (પુત્રી) | અતિન બાબુભાઈ દેસાઈ (જમાઈ)
શાઈના, ફીઓના, ફામ્યા, અબિર, સમાઈરા

કાળાચૂડા કડવા પાટીદાર અવસાન



સ્વ.સવિતાબેન ચંદુલાલ પટેલ
(જન્મ તા.૨૭/૦૬/૧૯૩૮) (સ્વ.તા.૧૩/૧૦/૨૦૨૬)

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા માતૃશ્રી સવિતાબેન ચંદુલાલ પટેલનું મંગળવાર તા. ૧૩/૧૦/૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્ગતની પ્રાર્થનાસભા સંપન્ન થયેલ છે.

નોંધઃ- તમામ લૌકિક રિવાજો સદંતર બંધ છે.
મળવાનો સમયઃ- સાંજે ૪ થી ૬, સ્થળઃ મોટીફળી, કોસાડગામ

લિ.
જયેશભાઈ ઉર્ફે જયવદન ચંદુલાલ પટેલ
દેવલ-મનન તથા સમસ્ત પરિવાર

પિયર પક્ષઃ- ભરતભાઈ છોટુભાઈ પટેલ
નિમેષભાઈ ઈશ્વરભાઈ પટેલ
(અંબાજીચકલા, ભીડીયાગલી, રાંદેર)